
# બોલિવૂડ પર ફ્લોપ ફિલ્મોનું ગ્રહણ લાગી ગયું છે?

ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

છેલ્લા અઢી માસમાં કુલ ૧૮ હિન્દી ફિલ્મો આવી હતી પણ અફસોસ કે તેમાંથી માત્ર 'બોર્ડર 2' હિટનો ટેગ મેળવી શકી છે. ૨૦૨૬ ના અત્યાર સુધીના બોક્સ ઓફિસ રિપોર્ટ કાર્ડ પર નજર કરીએ તો એવું લાગે છે કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અત્યારે વેન્ટિલેટર પર છે. બોલિવૂડમાં અત્યારે જાણે દુષ્કાળ ચાલી રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે જે ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી ૨' પાસેથી આખા દેશને મોટી આશા હતી તે પણ કોઈ જાદુ કરી શકી નથી. પ્રથમ ભાગે રૂ.૩૦૦ કરોડની કમાણી કરીને ઈતિહાસ રચ્યો હતો તેના કરિશ્માની આશામાં બીજો ભાગ લાવ્યા પણ પ્રેક્ષકોએ તેને માત્ર એવરેજની યાદીમાં ધકેલી દીધી. કદાચ દર્શકો હવે વિવાદોના મસાલાથી ધરાઈ ગયા છે અને તેમને વાર્તામાં કંઈક નવું જોઈતું હતું. એ જ રીતે 'મર્દાની 3' પણ નબળી સાબિત થઈ હતી. વર્ષની શરૂઆત 'ઈક્કિસ' થી થઈ હતી. તેને વ્યાપક પ્રશંસા મળી હતી પણ આ બાયોપિક બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. અગસ્ત્ય નંદા અને જયદીપ અહલાવતના ઉત્તમ અભિનય અને ધર્મેન્દ્રની હૃદયસ્પર્શી હાજરી છતાં ફિલ્મ ફ્લોપ ગઈ હતી. એવું નથી કે બોલિવૂડમાં છેલ્લા અઢી મહિનામાં મનોરંજક ફિલ્મોનું નિર્માણ થયું નથી. રાહુ કેતુ, હેપ્પી પટેલ: ડેન્જરસ ડિટેક્ટીવ અને 'વન ટુ ચા ચા ચા' જેવી નાના બજેટની ફિલ્મોએ સિનેમામાં નવું આપ્યું. દુઃખની વાત છે કે તે બધી ફ્લોપ રહી. જોકે, જ્યારે 'ધુરંધર' થિયેટરોમાં દરરોજ નવા રેકોર્ડ તોડી રહી હતી ત્યારે આ ફિલ્મો આવી હતી. ૧૮ ફિલ્મોની યાદીમાં મોટા સ્ટાર્સના નામ પણ હતા અને નવા ચહેરાઓ હતા. છતાં એકમાત્ર 'બોર્ડર 2' ને બાદ કરતાં કોઈ ફિલ્મ રૂ.100 કરોડની ક્લબમાં આવી શકી નથી. સામાન્ય હિન્દી ફિલ્મોનું આ રીતે ધોવાણ થવું એ ચિંતાનો વિષય છે. પ્રેક્ષકો હવે સિનેમાઘરની ટિકિટના પૈસા ખર્ચતા પહેલા દસ વાર વિચારે છે. કારણ કે તેમને ખબર છે થોડી રાહ જોશે તો ફિલ્મ OTT પર આવી જ જવાની છે. જો વાર્તામાં દમ ના હોય તો પબ્લિક ફિલ્મને સીધી ડસ્ટબિનમાં નાખતા અચકાતી નથી. ૧૮ માંથી ૧૭ ફિલ્મો ફ્લોપ જવી એ નિર્માતાઓ માટે જોરદાર લપડાક છે. હવે ઈન્ડસ્ટ્રીની બધી જ આશાઓ આગામી 'ધુરંધર 2' જેવી મોટી ફિલ્મો પર ટકેલી છે. હવે જોવાનું એ રહેશે કે માર્ચના અંત સુધીમાં કે એપ્રિલમાં કઈ ફિલ્મ આ 'ફ્લોપના ગ્રહણ' ને દૂર કરીને લક્ષ્મીજીને ફરી બોક્સ ઓફિસ પર પ્રસન્ન કરે છે!




# અક્ષયકુમાર કાર્તિકથી પ્રભાવિત થઈને કામ કરી રહ્યો છે?

શું 16 વર્ષ પછી પ્રિયદર્શન અને અક્ષયકુમારની જોડી 'ભૂત બંગલા'માં ફરી એકવાર 'ભૂલ ભુલૈયા' જેવો જાદુ કરી શકશે? ફિલ્મનુ ટીઝર જોયા પછી એમ કહી શકાય કે પ્રિયદર્શનની ક્લાસિક ફિલ્મોમાં જોવા મળી છે એ સ્તરની કોમેડી કે હોરરનો અહેસાસ થયો નથી. તેથી દર્શકો એવી આશા રાખે છે કે આ માત્ર એક નબળું ટીઝર હોય અને અસલી ફિલ્મમાં પ્રિયદર્શનનો જૂનો, અસલી અને રમુજી અક્ષયકુમાર જોવા મળે. અક્ષયકુમાર માટે આ ફિલ્મ એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે. કારણ કે તે ફરી પોતાના સૌથી મજબૂત ક્ષેત્ર એટલે કે કોમેડીમાં પાછો ફર્યો છે. જોકે, 'સ્ત્રી ૨' જેવી બ્લોકબસ્ટર હોરર-કોમેડી પછી હવે અક્ષયકુમાર ઉપર પણ તે લેવલ સેટ કરવાનું ભારે દબાણ છે. ટીઝરમાં જે કોમિક ટાઈમિંગનો પંચ હોવો જોઈએ તે ગૂમ છે. તેની જગ્યાએ સરેરાશ કક્ષાના VFX અને સાઉન્ડ ઈફેક્ટ્સ મૂકવામાં આવ્યા છે. પ્રિયદર્શનની કોમેડી હંમેશા પરિસ્થિતિ આધારિત અને ગેરસમજ પર આધારિત હોય છે. જે કદાચ આ 80 સેકન્ડના ટૂંકા ટીઝરમાં પૂરેપૂરી ખીલી શકી નથી. માત્ર અવાજ કે ડરામણા દ્રશ્યો બતાવવાથી કોમેડી પેદા થતી નથી. અને ટીઝર અત્યારે હોરર પર વધુ પડતો ભાર મૂકતું હોય તેવું લાગે છે. એક સમય હતો જ્યારે કાર્તિક આર્યન 'ભૂલ ભુલૈયા 2' માં આવ્યો ત્યારે લોકો કહેતા હતા કે તે અક્ષયકુમારની નકલ કરવાનો પ્રયત્ન કરે છે અથવા તેનો વિકલ્પ બનવા માંગે છે. હવે ૨૦૨૬માં સ્થિતિ એવી છે કે 'સ્ત્રી ૨' અને 'ભૂલ ભુલૈયા 3' એ હોરર-કોમેડીના માપદંડો એટલા ઊંચા કરી દીધા છે કે જો અક્ષયકુમાર એ જ શૈલીમાં કંઈક નબળું પીરસે તો લોકો ચોક્કસ એવું કહેશે કે અક્ષય હવે કાર્તિક જેવું અથવા તેનાથી પ્રભાવિત થઈને કામ કરી રહ્યો છે. હકીકતમાં અક્ષય આ ઝોનનો કિંગ હતો પણ અત્યારે તે પોતાના જ સિંહાસન માટે લડી રહ્યો હોય તેવું લાગે છે. જો 'ભૂત બંગલા'માં અક્ષય કુમારનો પોતાનો આગવો અંદાજ જોવા નહીં મળે તો લોકો તેની સરખામણી નવા કલાકારો સાથે કરશે. ટીઝરમાં એડિટિંગની ભૂલ હોય કે વાર્તાની નબળાઈની પણ પ્રથમ છાપ જોઈએ તેવી દમદાર નથી પડી. ટીઝર હસાવવાનો ઓછો અને ડરાવવાનો પ્રયાસ વધુ કરે છે. એ જ જૂનો મહેલ, લાઈટોનું ઝબકવું અને એ જ ગૂંચવણવાળા ચહેરાઓ છે. પ્રેક્ષકોને હવે કંઈક નવું જોઈએ છે. માત્ર જૂની યાદોના સહારે ફિલ્મ જોવી અઘરી છે. હવે આખું ટ્રેલર આવશે ત્યારે ખબર પડશે કે વાર્તામાં ગહનતા છે કે પછી બધું માત્ર અક્ષયના કોમિક પર્ફોર્મન્સ પર જ ટકેલું છે●




# આખું વિશ્વ શ્વાસ રોકીને રાહ જોઈ રહ્યું છે કે શું રાજદ્વારી પ્રયાસો આ 'એનર્જી ઈમરજન્સી'ને ટાળી શકશે?

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ જો આ સમુદ્રી માર્ગ સુધી પહોંચશે, તો તેની અસર તેલ અવીવ કે તેહરાન પૂરતી સીમિત નહીં રહે, પણ તે ન્યુયોર્કથી લઈને મુંબઈ સુધીના સામાન્ય માણસના ખિસ્સાને અસર કરશે. એ નક્કી છે.

૨૦૨૬ના પ્રારંભિક મહિનાઓમાં મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ, ઈરાન અને અમેરિકા વચ્ચેનો સંઘર્ષ જે વળાંક પર પહોંચ્યો છે, તેણે સમગ્ર વિશ્વની નજર રણના મેદાનને બદલે સમુદ્રની એક નાની પટ્ટી પર ટકાવી દીધી છે. આ પટ્ટી એટલે 'હોર્મુઝની સામુદ્રધુની' અને ઈરાનનું તેલ નિકાસનું કેન્દ્ર 'ખાર્ગ આઈલેન્ડ'. તાજેતરના અહેવાલ સ્પષ્ટ કરે છે કે જો આ વિસ્તારમાં સૈન્ય કાર્યવાહી થાય, તો તેની અસર માત્ર મિસાઈલ હુમલાઓ પૂરતી મર્યાદિત નહીં રહે, પણ તે વૈશ્વિક અર્થતંત્ર માટે 'આર્થિક પરમાણુ બોમ્બ' જેવી સાબિત થઈ શકે છે.

## ખાર્ગ આઈલેન્ડ અને હોર્મુઝની સામુદ્રધુની




ખાર્ગ આઈલેન્ડ એ પર્શિયન ગલ્ફમાં આવેલો એક નાનો ટાપુ છે, પરંતુ તેની મહત્તા ઈરાન માટે સર્વોપરી છે. ઈરાનનું લગભગ ૯૦% ક્રૂડ ઓઈલ નિકાસ આ એકમાત્ર ટાપુ પરથી થાય છે. અહીં વિશાળ તેલ સંગ્રહ ડેપો અને લોડિંગ ટર્મિનલ્સ આવેલા છે, જ્યાંથી મોટા ટેન્કરો ભરીને તેલ વિશ્વના વિવિધ દેશોમાં મોકલવામાં આવે છે.

જો ઈઝરાયેલ ઈરાનની આર્થિક ક્ષમતાને ખતમ કરવા માગતું હોય, તો ખાર્ગ આઈલેન્ડ સૌથી મોટું અને સરળ લક્ષ્ય છે. એક હુમલો ઈરાનની તેલ વેચવાની ક્ષમતાને મહિનાઓ સુધી ઠપ કરી શકે છે, જેનાથી ઈરાન પાસે યુદ્ધ લડવા માટે ભંડોળ ખૂટી શકે છે. વિશ્વની જીવનરેખા ગણાતી હોર્મુઝની સામુદ્રધુની એ સમુદ્રનો એ સાંકડો માર્ગ છે જે પર્શિયન ગલ્ફને ઓમાનના અખાત અને અરબી સમુદ્ર સાથે જોડે છે. તેની સૌથી સાંકડી જગ્યા માત્ર ૨૧ માઈલ (૩૩ કિમી) પહોળી છે. વિશ્વના કુલ તેલ વપરાશનો અંદાજે ૨૦% થી ૩૦% હિસ્સો દરરોજ આ માર્ગેથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાન, યુએઈ, કુવૈત અને ઈરાકનું તેલ આ માર્ગ દ્વારા જ એશિયા અને યુરોપ સુધી પહોંચે છે. આ માર્ગ એટલો સાંકડો છે કે જો ઈરાન અહીં ખાણ બિછાવી દે અથવા જહાજોને રોકે, તો વૈશ્વિક તેલ સપ્લાય સેકન્ડોમાં અટકી શકે છે.

### મધ્ય પૂર્વનું આ 'ચોક પોઈન્ટ' વિશ્વના અર્થતંત્રને પાયમાલ કરી શકે!

### જો સંઘર્ષ વધે તો શું થાય?

**તેલના ભાવમાં તોતિંગ વધારો:** અત્યારે તેલના ભાવ ૭૦-૮૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. જો હોર્મુઝ બંધ થાય અથવા ખાર્ગ પર હુમલો થાય, તો આ ભાવ રાતોરાત ૧૫૦ થી ૨૦૦ ડોલર સુધી પહોંચી શકે છે.

**વૈશ્વિક મોંઘવારી :** તેલ મોંઘું થતા ટ્રાન્સપોર્ટેશન મોંઘું થશે, જેનાથી ખાદ્ય ચીજોથી લઈને ઈલેક્ટ્રોનિક્સ સુધીની તમામ વસ્તુઓના ભાવ આસમાને પહોંચશે. આનાથી અમેરિકા અને યુરોપમાં આર્થિક મંદી આવી શકે છે.

રમત માત્ર ઈરાન અને ઈઝરાયેલ પૂરતી નથી. આ યુદ્ધના પડદા પાછળના ખેલાડીઓ અને અસરોનું ઊંડું વિશ્લેષણ કરીએ :

- ચીનનું ફેક્ટર : ચીન એ રશિયા અને ઈરાનના તેલનો સૌથી મોટો ખરીદદાર છે. જો ખાર્ગ આઈલેન્ડ નષ્ટ થાય અથવા હોર્મુઝ બંધ થાય, તો ચીનનું અર્થતંત્ર થંભી જશે. આથી, ચીન ક્યારેય ઈચ્છશે નહીં કે આ વિસ્તારમાં યુદ્ધ લાંબું ખેંચાય. ચીન અમેરિકા અને ઈરાન બંને પર દબાણ લાવશે.

**અમેરિકાની મજબૂરી:** જોકે, અમેરિકા ઈઝરાયેલનો સાથી છે, પણ ૨૦૨૬માં અમેરિકામાં ચૂંટણીનું વર્ષ હોઈ શકે અથવા આર્થિક રિકવરીનો સમય હોય, તો તે તેલના ભાવ વધવા દઈ શકે નહીં. જો ભાવ વધશે તો અમેરિકાના સામાન્ય નાગરિકો ટ્રમ્પ કે વર્તમાન સરકાર વિરુદ્ધ જશે. આ જ કારણ છે કે અમેરિકા ઈઝરાયેલને ઈરાનના તેલ મથકો પર હુમલો કરતા રોકી રહ્યું છે.

**ઈરાનનો 'ન્યુક્લિયર ઓપ્શન':** ઈરાન પાસે આધુનિક વાયુસેના નથી, પણ તેની પાસે હજારો આત્મઘાતી ડ્રોન અને મિસાઈલો છે. જો તેને ખૂણામાં ધકેલવામાં આવે, તો તે હોર્મુઝમાં જહાજો ડૂબાડીને રસ્તો બ્લોક કરી શકે છે. આ ઈરાનનું છેલ્લું હથિયાર છે, જેને 'સુસાઈડ મિશન' કહી શકાય કારણ કે તેનાથી ઈરાન પોતાનો વેપાર પણ ગુમાવશે.

**રસોડાથી લઈને શેરબજાર સુધી ભારત પર અસર:** ભારત તેની ૮૫% તેલની જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરે છે. મધ્ય પૂર્વમાં તણાવ એટલે ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ગાબડું! તેલના ભાવ વધતા ડોલર મોંઘો થશે અને રૂપિયો નબળો પડશે. સાથે સાથે ભારતીય શેરબજારમાં એશિયાની સૌથી વધુ વધઘટ જોવા મળી શકે છે કારણ કે વિદેશી રોકાણકારો ભારત જેવા ઉભરતા બજારોમાંથી પૈસા પાછા ખેંચી લે છે.

- તો હવે વ્યૂહાત્મક ઉકેલ શું?: નિષ્ણાતોના મતે, આ સમસ્યાનો એક જ ઉકેલ છે - વિવિધતા. સાઉદી અરેબિયા અને યુએઈએ હોર્મુઝને બાયપાસ કરતી પાઈપલાઈનો બનાવી છે જે લાલ સમુદ્ર સુધી જાય છે, પરંતુ તેની ક્ષમતા મર્યાદિત છે. વિશ્વ હવે ઝડપથી ગ્રીન એનર્જી તરફ વળી રહ્યું છે, પરંતુ ૨૦૨૬માં પણ તેલનું મહત્વ ઓછું થયું નથી.

ખાર્ગ આઈલેન્ડ અને હોર્મુઝ માત્ર ભૌગોલિક સ્થળો નથી, પણ તે વૈશ્વિક શાંતિના ગેરંટર છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ જો આ સમુદ્રી માર્ગ સુધી પહોંચશે, તો તેની અસર તેલ અવીવ કે તેહરાન પૂરતી સીમિત નહીં રહે, પણ તે ન્યુ યોર્કથી લઈને મુંબઈ સુધીના સામાન્ય માણસના ખિસ્સાને અસર કરશે. હવે એ ભૂલવું ન જોઈએ કે, આધુનિક યુદ્ધો માત્ર સરહદો પર નથી લડાતા, પણ તે સપ્લાય ચેઈન અને એનર્જી ટર્મિનલ્સ પર લડાય છે. હાલમાં આખું વિશ્વ શ્વાસ રોકીને રાહ જોઈ રહ્યું છે કે શું રાજદ્વારી પ્રયાસો આ 'એનર્જી ઈમરજન્સી'ને ટાળી શકશે કે કેમ.●



# AI અને માનવીય સમજ

આંખની અટારી
★ હેમુ ભીખુ

AI અને માનવીય સમજ વચ્ચેનું સમીકરણ સમજવા જેવું છે. પહેલું સર્જન છે અને બીજું સર્જક. પહેલું આજ્ઞાંકિત છે અને બીજું આજ્ઞા આપનાર. પહેલું પરિણામ છે અને બીજું પરિણામ-કારક. પહેલું ઉદ્ભવેલી વ્યવસ્થાનું પરિણામ છે અને બીજું વ્યવસ્થાની સ્થાપના કરનાર. પહેલું સ્થાપિત વિચાર પ્રક્રિયાને અંતે મળતી ઘટના છે તો બીજું આ વિચાર પ્રક્રિયાને સ્થાપિત કરનાર પરિબળ. પહેલું યાંત્રિકતા સભર છે જ્યારે બીજામાં માનવીય સંવેદનાઓ સમાયેલી છે. પહેલું નિયમ આધારિત બાબત છે અને બીજું નિયમને નિર્ધારિત કરનાર અસ્તિત્વ છે. એક કાર્ય છે તો બીજું કારણ, એક અંત છે તો બીજું શરૂઆત, એક અંશ છે તો બીજું સમગ્ર, એક સીમિત છે તો બીજું છે, ચોક્કસ પ્રકારની માનવીય વિચારશૈલીનું 'ભૌતિક' સ્વરૂપ છે.

જીવંત અભિવ્યક્તિ માટે સંવેદના, ભાષા, તર્ક, ભૂમિકા અને આધારમાં સમાનતા જરૂરી ગણાય. માનવીય સમજમાં સંવેદનાઓ હોય છે, દુઃખ અને ખુશીની અનુભૂતિ હોય છે, સલામતી કે ભયની પ્રતીતિ સંભવ છે, અનુભવોનો નિચોડ હોય છે. માનવીય સમજની ભાષા સાથે ભાવ જોડાયેલો હોય છે. માનવીય સમજના તર્કમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ સંકળાયેલાં હોય છે. આ તર્ક માત્ર વિચારોની શ્રૃંખલાને આધારિત નથી હોતો, તેની સાથે અકલ્પનીય સૂક્ષ્મ બાબતો જોડાયેલી રહે છે. માનવીય સમજની ભૂમિકા સાથે સૃષ્ટિના સમજમાં ન આવેલાં સમીકરણો પણ હોય છે. માનવીય સમજમાં જીવન હોય છે, જીવંતતા હોય છે, જીવનની અનુભૂતિ હોય છે. AI માનવીના



વ્યાપક, એક સ્થાપિત સમજથી સ્થાપિત કરાતી સમજ છે તો બીજું સ્થાપિત સમજને નિર્ધારિત કરતી ચેતના. પહેલું સીમિત ક્ષમતાનું ઉદાહરણ છે અને બીજું અપાર ક્ષમતાની સાબિતી. એકમાં માહિતીની સીમિતતા છે તો બીજામાં અમર્યાદિત જ્ઞાન. એક ટૂંકો રસ્તો છે તો બીજો પરિપક્વતા આપતો પુરુષાર્થ છે.

AI અને માનવીય સમજ બંને એક સીધી રેખાના સામસામેના છેડે આકાર લેતી વાસ્તવિકતા છે. બંને વચ્ચેનો સંપર્ક દર્શાવતી રેખા બે વચ્ચે સંપર્ક સ્થાપિત પણ કરે છે અને તેમની વચ્ચેનો ભેદ પણ દર્શાવે છે. માનવીય સમજ માટે AI મદદરૂપ થઈ શકે અને AI એ માનવીય સમજથી સ્થાપિત થયેલી ઘટના છે. અહીં પ્રથમ કોણ એ વિચારવું પડે. માનવીય સમજ વગર AIનું અસ્તિત્વ શક્ય બન્યું ન હોત. પ્રથમ માનવીય સમજનું અસ્તિત્વ સ્થાપિત હોય. જેમ જેમ તે સમજમાં પરિપક્વતા આવતી ગઈ તેમ તેમ AIની સંભાવના ઊભી થઈ અને ચોક્કસ હેતુ માટે AI અસ્તિત્વમાં આવી. પછી AI માનવીના મનની કેટલીક પ્રક્રિયાઓ કરતું થયું જેનાથી માનવીય સમજની પરિપક્વતા દ્રઢ થવાની સંભાવના વધી. શરૂઆત માનવીય સમજ છે અને AI એ વચગાળાની ઘટના છે. 'વચગાળા'ની ઘટનામાં મર્યાદિતતા છે જ્યારે 'પ્રારંભ'માં અમર્યાદિતતા સ્વાભાવિક છે. AI અને માનવીય સમજ વચ્ચેની સરખામણીની વાત વિશેષ પ્રકારના પ્રશ્નો ઊભા કરે. AI એ ફૂટબોલ છે અને માનવીય સમજ ખેલાડી. AI એ બોલાયેલા શબ્દો છે જ્યારે માનવીય સમજ કથન પાછળ રહેલો વિચાર. પ્રતીકાત્મક રીતે એમ કહી શકાય કે AI એ કર્મેન્દ્રિય છે અને માનવીય સમજ જ્ઞાનેન્દ્રિય. સર્જન ક્યારેય સર્જકનું સ્થાન ન લઈ શકે. સર્જક એટલે કે માનવી અર્થાત માનવીય સમજ સાથે અપાર સંભાવનાઓ સંકળાયેલી હોય, તેનો વ્યાપ અસીમિત હોય, તે સ્થૂળ વિશ્વના દાયરામાંથી બહાર નીકળી સૂક્ષ્મ વિશ્વમાં પ્રવેશ કરવા માટે પણ સમર્થ હોય. માનવીય સમજ એ ચેતનમય અસ્તિત્વ છે, તે જરૂરિયાત અને પરિસ્થિતિ અનુસાર દિશા બદલી શકે જેને કારણે તેનો નિર્ણય અથવા તેનું સૂચન વધુ યથાર્થ અને સાર્થક બનવાની સંભાવના રહે. AI એ માનવીય જીવન ચેતના નથી પરંતુ તે ચેતનાના પુરુષાર્થનું પરિણામ છે, તે ચેતનાનું મર્યાદિત વિસ્તરણ છે, માનવીય વિચારોના પ્રકાર તથા તેની પેટર્નનું પ્રતિબિંબ

### AI એ માનવીય સમજનું એક નાનકડું પ્રતિબિંબ છે અથવા તો પડછાયો છે. AI એક બુદ્ધિશાળી સાધન છે પરંતુ પોતાનાં સૂચનથી ઊભી થનારી સંભાવના સમજવા માટે તેની પાસે બુદ્ધિ નથી

વિચાર પ્રમાણે નિયંત્રિત થયેલી ઘટના છે. AIની પોતાની કોઈ વિચારસરણી નથી, માનવીય સમજે જે નિર્ધારિત કર્યું છે તેનું પરિણામ છે. અહીં સ્થાપિત નિયમો છે, કલ્પના નથી. સ્થાપિત અલગોરીધમ છે, અસીમિત સંભાવનાઓ નથી. પોતાની ભાષા પણ નથી, સંપૂર્ણ પરતંત્રતા છે. અહીં સ્વતંત્ર વિચારક્ષમતા નથી, અનુભૂતિ નથી, સમજણ નથી, સંવેદના નથી, ભાવના નથી અને તેથી 'જીવંત' નિર્ણાત્મકતા નથી. અહીં તો ડબ્બામાં જે મૂકવામાં આવે છે તે જ બહાર આવે, તે કદાચ જલ્દીથી બહાર આવે છે, કદાચ તેની ગોઠવણ જુદી પણ હોય. એમ કહી શકાય કે AI એ શબ્દોનું કેલ્ક્યુલેટર છે; જે રીતે ચાંપ દબાવવામાં આવે તે રીતનું પરિણામ સ્ક્રીન પર દેખાય. એમ માની શકાય કે AI એ માનવીય સમજનું એક નાનકડું પ્રતિબિંબ છે અથવા તો પડછાયો છે. AI એક બુદ્ધિશાળી સાધન છે પરંતુ પોતાનાં સૂચનથી ઊભી થનારી સંભાવના સમજવા માટે તેની પાસે બુદ્ધિ નથી. તે સમજવામાં મદદરૂપ થઈ શકે પરંતુ તેની પોતાની સમજ નથી. તે ઝડપી છે પરંતુ ક્યારેક એવી ઝડપની આવશ્યકતા જ નથી હોતી. તેની પાસે યાદશક્તિ છે, યોજના છે, પણ પોતાની 'વ્યક્તિગત' બુદ્ધિ નથી. તેનું બધું જ પૂર્વ નિર્ધારિત હોય છે તેમ કહી શકાય. એક પ્રશ્ન બે જુદી જુદી વ્યક્તિને પૂછવામાં આવે તો જવાબ જુદા હોવાની શક્યતા પૂરેપૂરી છે, આવું AI માટે ન કહી શકાય.

યંત્ર આખરે યંત્ર છે. તેની રચના પાછળના હેતુ પ્રમાણે તે સારું પરિણામ આપી શકે પરંતુ તે પણ મર્યાદિતતા આધારિત હોય. ચેતનાપૂર્ણ માનવીય સમજને આધારે સ્થાપિત થયેલી ઘટના, AI, માનવીય સમજનો વિકલ્પ ન બની શકે. સર્જન ક્યારેય સર્જકને સમકક્ષ ન બની શકે. •